Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

## Shree Atmanand Prakash



पाथेयं सह गृह्णाति गच्छन् ग्रामान्तरं जनः ।
तथा पाथेयसंयुक्त एव गच्छेद् भवान्तरम् ॥

* માણસ બીજે ગામ જતાં પોતાની સાથે ભાતું લે છે,
તેમ માણસે ભાતાની સાથે જ પરલોકગમન કરવું જોઈએ.

* As a person takes viaticum with him. while going to another village, so a person should be əndowed with viati- cum, whil going to the next world.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૫ | ફાગણ-ચૈત્ર | આત્મ સંવત : ૧૦૧ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૪ |
| અંક : ૫-૬ | માર્ચ-એપ્રીલ-૯૮ | વિક્રમ સંવત : ૨૦૫૪ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | મહાવીર જન્મ | — | ૩૩ |
| (૨) | સચ્ચાઇનોં સામનો નહીં પણ તેનો આદર કરવો જોઇએ | મહેન્દ્રભાઇ પુનાતર | ૩૪ |
| (૩) | પ.પૂ આગમ.પ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો | જંબૂવિજયજી મહારાજ સાહેબ | ૩૭ |
| (૪) | શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના માજી પ્રમુખશ્રી હીરાલાલ ભાણજીભાઇ શાહને હાર્દિક સ્મરણાંજલિ | — | ૪૧ |
| (૫) | 'અહિંસા ઇન્ટરનેશનલ 'નો સાહિત્યિક એવોર્ડ મેળવતા ડૅા. કુમારપાળ દેસાઈ | — | ૪૩ |
| (૬) | નવકાર મહામંત્રનો પ્ર ાવ | પૂ. સા.શ્રી હરખશ્રીજી મ. સાહેબ | ૪૪ |
| (૭) | માનવજીવનની આધારશીલ કર્મ | શ્રી કાન્તિલાલ કાલાણી | ૪૬ |
| (૮) | ભાવનગરના એક પરિવારના પાંચ સભ્યોએ દેહદાન કર્યા | — | ૪૮ |


## આ સભાના નવા આજીવન સભ્યશ્રી

શ્રી કમલેશકુમાર અનંતરાય શાહ ભાવનગર

શ્રી અશોકકુમાર વિનયચંદ શાહ ભાવનગર

શ્રી ધીરજલાલ ભુદરભાઇ વોરા ભાવનગર

ડૅા. શ્રી હરેશકુમાર ચીમનલાલ ડેલીવાલા ભાવનગર

શ્રીમતી હેતલબેન દિવ્યેશકુમાર કોઠારી હૈદ્રાબાદ

શ્રી લલિતકુમાર રામચંદભાઈ શાહ ભાવનગર

શ્રી કાંતિલાલ મણિલાલ શાહ ભાવનગર

શ્રીમતિ કુસુમબેન જસવંતરાય શાહ ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# મહાવીર જન્મ

(રાગ : બડી દેર ભઈ નંદલાલ)

એક જન્મ્યો રાજ દુલારો, દુનિયાનો તારણહારો.
વર્ધમાનનું નામ ધરીને, પ્રગટયો તેજ સિતારો રે;
એક જન્મ્યો.

પૃથ્વી પરથી અંધકારના, વાદળ જાણે વિખરાયા.
ગાયે ઉમંગ ગીત અપ્સરા, દેવોના મન હરખાયા;
નારકીના જીવીઓ નીહાળ્યો, તેજ તણા ઝબકારો રે;
એક જન્મ્યો.

ધાન વધ્યા ધરતીના પેટે, નીર વધ્યા સરોવરીયાના;
ચંદ્ર સૂરજના તેજ વધ્યાને, સંપ વધ્યા સૌ માનવના;
દુઃખનાં દિવસો દૂર ગયાને, આવ્યો સુખનો વારો;
એક જન્મ્યો.

રંકજનોના દિલમાં પ્રસર્યું, આશ ભરેલું અજવાળું;
બેલી આવ્યો દીન દુઃખિયાનો. રહેશે ના કોઇ નોંધારૂં;
ભીડ જગતની ભાંગે એવો, સૌનો પાલનહારો રે;
એક જન્મ્યો.

વાગે છે શરણાઇ ખુશીની, સિદ્ધારથનાં આંગણિયે;
હેતે હિંડોળે ત્રિશલારાણી, બાલ કુંવરને પારણીયે;
પ્રજા બની આનંદ ઘેલી, ઘર ઘર ઉત્સવ પ્યારો રે;
એક જન્મ્યો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સચ્ચાઇનો સામનો નહીં પણ તેનો આદર કરવો પડે છે

લેખક : મહેન્દ્રભાઇ પુ તર

સમાજ, ધર્મ અને રાજકારણમાં મને હંમેશા સ્પષ્ટવકતા અને નિખાલસ માણસો ગમ્યા છે. આવા સ્પષ્ટ સીધેસીધું બોલનારા માણસોના શબ્દોમાં મહદ્અંશે સચ્ચાઇ હોય છે. આવા સ્પષ્ટ માણસો સીધેસીધુ મોઢા પર બોલીને ઘડીભર આપણને ભલે મુંઝવણમાં મૂકી દેતા હોય પરંતુ તેઓ પોતાનો મત છૂપાવીને આપણને છેતરતા નથી. ઘણા માણસો મોઢે આપણી વાતમાં સૂર પૂરાવતા હોય છે પણ પાછળની દૂધમાંથી પોરા કાઢે તે રીતે વિપરીત અભિપ્રાયો વ્યક્ત કરતાં હોય છે. સમાજમાં નિખાલસ રીતે પોતાનો મત પ્રગટ નહીં કરનારા લોકોને કારણે મોટેભાગે ગૂંચવાડો ઊભો થતો હોય છે. સમાજ અને

## અંતઃકરણના અવાજને દાબી શકાતો નથી. પોતાની જાતને છેતરવાનું મુશ્કેલ

સંસ્થાના કામોમાં આવા સ્પષ્ટ બોલનારા લોકો દર્પણની ગરજ સારે છે. દંભ અને કપટ રહિત આવા નિખાલસ માણસોના અભિપ્રાયમાં સમાજ કે સંસ્થાનું પ્રતિબિંબ પડતું હોય છે. બોલવાની જરૂર હોય ત્યાં ચૂપ રહેવું અને જરૂર ન હોય ત્યાં વધારે પડતુ બોલવુ એ બંને બાબતો સમાજહિતમાં નથી. સમાજ અને સંસ્થાઓ ગતિશીલ અને પ્રાણવાન નથી બનતી તેનું એક કારણ એ છે કે આપણે કોઇ સ્પષ્ટ અભિપ્રાય કે મત વ્યક્ત કરતા નથી. આપણે હંમેશાં એવો વિચાર કરીએ છીએ કે આમ બોલવાથી સામા માણસને ખોટું લાગશે. આમાં આપણે બોલીને આંખે થવાની શી જરૂર છે ? સામાજિક અને સંસ્થાકીય બાબતોમાં કોઇએ કશું ખોટું લગાડવાનું હોય નહીં. આમાં તો પરસ્પરના અભિપ્રાયને મહત્વ આપવું જોઇએ.

દરેક ક્ષેત્રમાં સાચા અને નિખાસલ માણસોના અભિપ્રાયનું વજન રહે છે. તેમની વાતો સાંભળવી પડે છે અને તેના પર ધ્યાન આપવું પડે છે. સત્યનો વહેલો કે મોડો સ્વીકાર કરવો પડે છે. સચ્ચાઇનો સામનો કરી શકાતો નથી તેનો આદર કરવો પડે છે.

## દરેક અસત્ય વાત સત્યના આકર્ષક વાઘા પહેરીને આવતી હોય

સામાજિક સંસ્થાઓમાં સાચા માણસો હંમેશાં અળખામણા થતા હોય છે. કારણ કે તેઓ ખોટું ચલવી લેતા નથી અને કોઇની ખુશામત કરતા નથી. આવા સાચા માણસો હંમેશાં આકરા લાગે છે.

સમાજ અને રાજકારણમાં રહેલા લોકો પહેલેથી કશું સ્પષ્ટ કરતા નથી. કેટલીક વાતો છૂપાવી રાખે છે અથવા તો તેને ગર્ભિત બનાવે છે. નિર્ણયોમાં બધુ અસ્પષ્ટ હોય છે. ગમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે ફેરવી તોળાય છે અથવા તો એક યા બીજી રીતે પોતાને અનુકૂળ આવે તે રીતે તેનું અર્થ-ઘટન કરી શકાય છે. સમાજ અને સંસ્થાઓમાં હોય તેના કરતા સારું દેખાડવાનો પ્રયાસ થતો હોય છે. ગમતી વસ્તુઓને આગળ ધરવામાં આવે છે અને અણગમતી વસ્તુઓ પર ઢાંકપિછોડો કરવામાં આવે છે. સમાજ અને સંસ્થાની ઇમેજ ટકાવી રાખવા આવું બધું થતું હોય છે. થોડા કાવાદાવા પણ ખેલવામાં આવે છે. સંસ્થાઓમાં પણ હવે રાજકારણ ઘૂસી ગયું છે. સાચા, સારા, નિષ્ઠાવાન, કર્તવ્યનિષ્ઠ અને સૌજન્યશીલ માણસો હવે સંસ્થાએથી દૂર થતાં જાય છે. અત્યારે કાર્ય કરતા દેખાવ વધી ગયો છે. સ્પષ્ટ, નિખાલસ, ભોળા ભદ્રિક માણસો સંસ્થાઓ ચલાવવા માટે લાયક ગણાતા નથી. સંસ્થાઓ ચલાવવા માટે

## દરેક બાબતમાં સિદ્ધાંતની વાત સગવડિયા ધર્મ જેવી બની ગઇ છે

પાકા, વહેવારુ, ગણતરીબાજ માણસો જેમને આડું અવળું સમજાવીને માર્ગ કાઢતા આવડે છે તેમને સફળ ગણવામાં આવે છે.

ફિલ્મક્ષેત્રની જેમ સમાજ અને રાજકારણમાં પણ માણસને પોતાની ઇમેજ ટકાવી રાખવા માટે તનતોડ પ્રયાસો કરવા પડે છે. સમાજમાં સ્ટેટ્સ જાળવી રાખવા સ્પર્ધાઓ થતી હોય છે. અત્યારનો દંભ, દેખાવ અને ખોટા ખર્ચાઓ આની ફળશ્રુતિ છે. એક વખત માણસ મોટો થઈ જાય છે પછી નાનું થવું ગમતું નથી. સારા, ખરાબ-સંજોગોમાં પણ આ સ્થાન ટકાવી રાખવું પડે છે. માણસને પોતાની આબરુ, પ્રતિષ્ઠા, માન અને મોભાનો નિરંતર ખ્યાલ રાખવો પડે છે. છેવટે આ દંભ અને દેખાવ બંધનરૂપ બની જાય છે.

કુટુંબ અને સમાજમાં સારા થવાનું કોને ન ગમે ? માણસ સ્વભાવગત રીતે જેવો છે તેવો રહેવાનો છે, તેમાં કોઇ ફરક પડવાનો નથી. પરંતુ બીજા સાથેના સંબંધ અને વહેવારમાં માણસ જેવો છે તેવો રહેતો નથી. કાંઇક વિશિષ્ટ દેખાવાનો તેનો પ્રયાસ હોય છે. આ બહારનો દેખાવ આકર્ષક હોય છે અને મોટા ભાગના લોકો આ બહારી દેખાવથી અંજાઇ જતા હોય છે. માણસો એક-બીજાને સાચી અને સારી રીતે ઓળખતા હોય છે. આમ છતાં દંભનો બુરખો ચડાવીને એક-બીજાને બનાવતા હોય છે.

જીવન અને વહેવારમાં માણસ જેવો હોય તેવો પ્રગટ થાય તો તે વધુ સારો લાગે છે. કૃત્રિમ કવચથી માણસનું મૂળભૂત વ્યક્તિત્વ હણાય જાય છે અને તેના આંતરિક ગુણોનો વિકાસ થતો નથી.

## મોઢે સાચું સ્પષ્ટ કહેનારા લોકો ભલે કડવા લાગે પણ દર્પણની ગરજ સારે છે

આપણે આપણા જીવનમાં જે કાંઇ જોઇએ છીએ, માનીએ છીએ અને સમજીએ છીએ એ જ સાચું છે અને બાકીનું બધું ખોટું છે એવો આગ્રહ સેવવો અને બીજાઓ પણ તેનું અનુકરણ કરે તેવો દુરાગ્રહ રાખવો એ ખોટું છે. આપણા જેવા ખ્યાલો, વિચારો અને પૂર્વગ્રહો હોય છે એવું આપણને જોવા મળે છે. જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ. દરેક બાબતને જોવાની સૌની દૃષ્ટિ જુદી જુદી હોય છે. જેથી હું કહું એ જ સાચું છે એમ માનવું ભુલભરેલું છે. જ્યાં સુધી સમગ્ર બાબતને તેના મૂળભૂત અર્થમાં ન સમજીએ અને તેની બધી બાજુઓને ન જોઇએ ત્યાં સુધી તેમાંથી સત્યને તારવી શકાય નહીં.

કોઇપણ કાર્ય આપણે કરીએ ત્યારે એ કાર્ય શા માટે કરીએ છીએ ? તેના મૂળભૂત ઉદ્દેશ શું છે ? તેનો ખ્યાલ કરવો જોઇએ. તેમાં સ્વાર્થવૃત્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય, સંકુચિતતા હોય, સાંકડી મનોવૃત્તિ હોય તો સાચી બાબત કદી સમજાય નહીં. સત્યનો આપણે ખુલ્લેદિલે સ્વીકાર કરી શકતા નથી, તેનાથી ડરીએ છીએ.

સામાજિક ક્ષેત્રમાં સાચી વાત સમજદારીથી કહેવાની હોય છે. તેમાં વિનય અને વિવેક જાળવવાનો હોય છે. એમાં કઠોરતા, કડવાશ કે બીજાની માનહાની ન થાય તેનો પૂરતો ખ્યાલ રાખવાનો હોય છે. આમાં જેટલું મન ખુલ્લું તેટલી વાત અસરકારક અને પ્રભાવિક બને છે. વહેવારમાં વાણી એક મહત્ત્વનું સાધન છે તેનો યોગ્ય ઉપયોગ થવો જોઈએ. મિટિંગો અને જાહેર સ્થળોએ બીજાની હાજરીમાં વાણી પર સંયમ રાખવો જોઇએ અને તેમાં કટુતા ન આવે તે જોવું જોઇએ. અહંકાર અને પૂર્વગ્રહથી સંબંધો તૂટે છે અને એકબીજા વચ્ચેની ગેરસમજ વધુ ઘેરી બને છે.

સામાજિક બાબતોમાં આચાર અને વિચાર વચ્ચે અંતર હોવું જોઇએ નહીં. જે વસ્તુમાં આપણે માનીએ તેનો યથાર્થ અમલ કરવો જોઇએ. જેવા આપણા વિચારો હોય તેવું આચરણ પણ હોવું જોઈએ. આપણે વાતો સારી સારી કરતા હોઇએ પરંતુ તે મુજબનું વર્તન ન હોય તો લોકોની વિશ્વસનીયતા રહેતી નથી.

સામાજિક ક્ષેત્રમાં કામ કરતા લોકોએ સતત જાગૃતિ રાખવાની હોય છે અને પોતાની જાતને તપાસ્યા કરવાની હોય છે સાચું કામ કરતા હો તો કોઈનાથી ડરવાની જરૂર નથી.

સામાજિક ક્ષેત્રમાં મોટ ભાગના માણસો પોતાને જે કરવું હોય તે કરતા હોય છે અને પોતાને સિદ્ધાંતવાદી તરીકે ખપાવતા હોય છે. તેઓ કોઇને સાથ આપે છે તો સિદ્ધાંત ખાતર અને કોઇનો વિરોધ કરે તો પણ સિદ્ધાંત ખાતર. તેમનો સિદ્ધાંત સગવડિયા ધર્મ જેવો હોય છે. ગમે ત્યાં લાગુ પાડી શકાય છે. સિદ્ધાંતના આ છત્ર હેઠળ તેઓ છળકપટ આચરી શકે છે. કાવાદાવા ખેલી શકે છે. બીજાને દગો દઈ શકે છે.

સામાજિક ક્ષેત્રમાં માણસ સફળ થાય છે અથવા તેની સામેનો વિરોધ શમી જાય છે ત્યારે તે એમ માનતો થઇ જાય છે કે 'સત્યનો વિજય થયો છે.' સત્યનો વિજય કે પરાજય હોતો નથી. સત્ય ગમે તે પરિસ્થિતિમાં તેનું તે રહે છે. આપણે હકીકત પ્રત્યેથી આંખો બંધ કરી દઈએ ત્યારે તે અસત્ય બની જાય છે અને આંખો ખોલીએ ત્યારે એ સત્ય બની જાય છે. મોટેભાગે આપણે જે વાત માનતા હોઇએ અથવા તો જે વાતથી આપણે પરિચિત હોઇએ તેને સત્ય સમજતા હોઇએ છીએ. આપણાથી વિરૂદ્ધ મત ધરાવનાર માણસ પણ પોતાની વાતને સાચી માનતો હોય છે. સાચુ શું અને ખોટું શું એ વચ્ચે કેટલીક વખત પાતળી ભેદરેખા હોય છે. સાચું શું અને ખોટું શું એ દરેક માણસ પોતાની રીતે સમજતો હોય છે. માણસ ખુદ તેનો માપદંડ છે. દરેક માણસ જ્યારે કાંઇ પણ કરતો હોય છે ત્યારે તેને બરાબર ખબર હોય છે કે આ બરાબર નથી પરંતુ તેનો સ્વીકાર કરવાની તેની ખેલદિલી હોતી નથી એટલે પોતાની વાતને સાચી ઠેરવવાની દલીલો શોધી કાઢે છે. પોતાના મનને મનાવે છે અને એવો અહેસાસ અનુભવે છે કે પોતે જે કર્યું છે તે ઠીક કર્યું છે. ભૂતકાળના અનુભવો, કેટલીક માનેલી, સાંભળેલી વાતો અને પૂર્વગ્રહના કારણે અમુક ચોક્કસ વિચારસરણી તેના મનમાં ઘર કરી જાય છે. પરંતુ આ સમયે માણસ જો શાંત ચિત્તે વિચારે અને પોતાના અંતરમનને તપાસે તો તેને તુરંત ખ્યાલ આવી જાય છે કે પોતે ખોટું કરી રહ્યો છે પરંતુ આવા સમયે માણસ પોતાના અંતરને તપાસતો નથી. માત્ર બુદ્ધિ અને મન

(અનુસંધાન પાના નંબર ૪૦ ઉપર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ. પૂ. આગમપ્રજ્ઞ–તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મ. સાહેબના વ્યાખ્યાનો

[હપ્તો ૬ ઠો]

**અષાડ વદ ૧૨**

આપણે મહાપુરૂષો સાથે સંબંધ જોડવો હોય તો કેવી રીતે જોડવો ? કારણ મહાપુરૂષો તો મહાન છે જ્યારે આપણે તો એક મામુલી પ્રાણી છીએ. નમસ્કાર એક એવી ચીજ છે જેનાથી આવા મહાનમાં મહાન પુરૂષોની સાથે આપણે સંબંધ જોડી શકીએ છીએ અને મહાવિભૂતિ સાથે સંબંધ જોડાથી તેમાં રહેલા અનંતા-ગુણોનો સંચાર આપણામાં થાય છે. જેમ કે પાવરહાઉસ હોય અને તેની સાથે એક વાયર દ્વારા જોડાણ કરીને દુનિયાના દરેક દેશોમાં ઇલેકટ્રીક જઇ શકે છે. પરંતુ જો વાયરમાં કાંઈક ખામી હોય અથવા તો જોડાણ જ ન હોય તો કયાંથી આપણને પ્રકાશ મળે ? તેમ પ્રભુ સાથે કનેકશન જોડવું હોય તો નમસ્કારરૂપી વાયરથી જ જોડી શકાય છે. પરંતુ એ વાયરમાં જરાય ખામી ન હોવી જોઇએ. કોઇ સ્ત્રી કૂવે પાણી ભરવા ગઈ છે. એ ઘડાને પાણીમાં ઉતારે છે. શરૂઆતમાં ઘડો પાણી પર તરે છે. જ્યારે સ્ત્રી તેને બે ચાર વખત નમાવે કે તરત જ એ પાણીથી સંપૂર્ણ ભરાઇ જાય તેમ જો માણસ હૃદયને સાચા ભાવથી નમાવે તો તેનું પરમ કલ્યાણ થઇ જાય. મસ્તકથી નમસ્કાર તો ઘણા કરે છે પરંતુ જો પરમાત્મા સાથે સંબંધ જોડવો હોય તો હૃદયથી નમો... પરમાત્માનું જોડાણ હૃદયની સાથે જ થાય છે. આ યોનિમાં જે પરમાત્મા આપણી આટલી નજીક છે. બીજી યોનિમાં તો દર્શન પણ દુર્લભ બની જાય છે.

કૃષ્ણ મહારાજા સભામાં બેઠા છે. તે પોતાના બન્ને રાજકુમારોને કહે છે કે જે ભગવાન નેમીનાથને પહેલા નમસ્કાર કરે તેને ઘોડો આપવામાં આવશે. શાંબ અને પાલક એ બન્નેનું નામ છે. બન્નેને ઘોડો જોઇતો હતો. પાલક વિચાર કરે છે કે હું ભગવાનને પહેલા વંદન કરીને ઘોડો લઉં. એટલે એ વહેલો ઉઠીને દોડયો. ભગવાનની પાસે જાય છે. બસ ભગવાનને ખાલી ત્યાં બેઠેલા જોઇને તે પાછો ફરે છે. જ્યારે શાંબે તો પોતાના નિયમ મુજબ ઉઠીને પથારીમાં બેઠા બેઠા એણે ભગવાનને હૃદયથી નમસ્કાર કર્યા. પાલક આવીને કૃષ્ણ મહારાજને કહે છે કે પિતાજી હું પહેલા વંદન કરીને આવ્યો મને ઘોડો આપો. કૃષ્ણ કહે છે કે પહેલા હું ભગવાનને પૂછું કે પહેલાં કોણે નમસ્કાર કર્યા ? ભગવાનને પૂછે છે. ભગવાન કહે કે પહેલાં શાંબે વંદન કર્યા છે. પાલક કહે શાંબ તો હજુ સુધી આપની પાસે આવ્યો પણ નથી તો કયાંથી નમસ્કાર કર્યા હોય ? ત્યારે ભગવાન કહે છે કે તેણે ઘેર બેઠા જ મને હૃદયથી નમસ્કાર કરેલા છે. તેથી પ્રથમ નમસ્કાર તેના છે. માટે પરમાત્માની સાથે હૃદયથી જોડાણ સાધો. પ્રભુ સાથે જોડાણ સાધવાથી ધન્ના, શાલિભદ્ર, રોહિણેય એવા અનેક મહાત્માઓ તરી ગયા. ભગવાનમાં એક વિશિષ્ટતા હતી કે તે દ્રષ્ટા એટલે જોનાર હતા. ચિંતક ન હતા કારણ ચિંતન તો સારી વસ્તુનું પણ થાય અને કયારેક ખોટી વસ્તુનું પણ ચિંતન થઈ જાય. જ્યારે આંખે જોયેલું કદી ખોટું ઠરે નહી. ભગવાન આવા દ્રષ્ટા હતા. ભોજન કરતાં ભૂખનું મહત્ત્વ છે. જો માણસને ભુખ લાગી હશે તો સુકો રોટલો

For Private And Personal Use Only

પણ સાકર જેવો લાગશે. જ્યારે ભૂખ વગર અમૃત જેવું ભોજન નીરસ બની જશે. આપણને ધર્મની જિજ્ઞાસા રૂપી ભૂખ જાગવી જોઈએ. આજે ધર્મ-ગુરૂઓની વાણી રૂપી અમૃત ભોજન સામે પડયું છે. પરંતુ આપણને ધર્મ સમજવાની ભૂખ નથી. માટે આપણને અત્યારે ધર્મ સાંભળવો ગમતો નથી.

સંસ્કૃતમાં ધૃ નામનો ધાતુ આવે છે. ધૃ એટલે ધારણ કરવું. 'ધર્મ' એ શબ્દ ધૃ ઉપરથી બનેલો છે. ધર્મ દુર્ગતિમાં પડતા જીવોને વચ્ચેથી ઝીલી લે છે. ખરેખર માણસને જો આ પ્રમાણેનો વિચાર આવે કે મેં ધર્મને ઘણી વખત સાંભળ્યો છતાં કાંઇ અસર થતી નથી. હું કેવો કમભાગી છું તો તેનું કલ્યાણ થઇ જાય. એના બદલે આપણે અત્યારે એ વિચાર કરીએ છીએ આપણે ધર્મ ખૂબ સાંભળ્યો છે હવે સાંભળવાનું કાંઇજ બાકી નથી.

ચીનમાં એક તત્ત્વજ્ઞાની હતો. માણસે તેની પાસે તત્ત્વજ્ઞાનનું ચિંતન કરવા આવે. તેમની પાસે એક માણસ કે જે અહંકારમાં જ ડૂબેલો હતો તે શોખથી તત્ત્વજ્ઞાન સાંભળવા આવ્યો. તેણે ચીનીને કહ્યું કે મારે તમારૂં તત્ત્વજ્ઞાન સાંભળવું છે મને સંભળાવો. એટલે ચીની-ભાઈએ કહ્યું કે ભાઇ પહેલાં ચા-પાણી પીઓ પછી આપણે બેસીએ. એટલે ચાની કીટલી આવી. ચીની ભાઇએ કીટલીમાંથી ચાને કપ-રકાબીમાં કાઢવા માંડી. કપ ભરાઇ ગયો. રકાબી ભરાઇ ગઇ છતાં રેડે જ રાખે છે. એટલે પેલા ભાઇએ કહ્યું કે શું કરો છો આ તો ભરાઇ ગઈ છે. ચા બહાર જાય છે. એટલે ચીની-ભાઈએ કહ્યું હું તમને તત્ત્વજ્ઞાન શીખવું છું. કારણ તમારા મગજમાં અહંકાર ઠાંસી ઠાંસીને ભરેલો છે. જો હું તમને કાંઈપણ કહીશ તો તે ચાની જેમ નકામું જવાનું છે માટે પહેલા અહંકાર દૂર કરો અને પછી તત્ત્વજ્ઞાન મેળવો.

વસ્તુપાળ–તેજપાળ જે વીરધવલ રાજાના મંત્રી હતા તે મંત્રી હોવાના કારણે આખો દિવસ મંત્રણા-ઓમાં વીતે છે. જરાયે ફૂરસદ મળતી નથી. તેમના ગુરૂ મહારાજ વિચાર કરે છે કે વસ્તુપાળ અને તેજપાળ ડૂબી જશે. કારણ ધર્મક્રિયા કરવાની ફૂરસદ મળતી નથી. સત્સંગ પણ છૂટી ગયો છે. માટે તેઓના પરની દયાથી ગુરૂ મહારાજ વિહાર કરીને ધોળકા આવ્યા. આમ તો ગુરૂ મહારાજ આવ્યા હોય ત્યારે ગુરૂ મહારાજ પાસે જાય ભક્તિ કરે. બસ ઉપાશ્રયમાં મોટા ભાગનો ટાઈમ ગાળે. પછી ગુરૂમહારાજ તેમના ઘરે જાય છે ઘરે વસ્તુપાળ હતા નહીં રસોઇયો હતો. તેણે ગુરૂ મહારાજનું સન્માન કર્યું. ગુરૂ મહારાજે કહ્યું કે હે રસોઈયા ! આજે તું રસોઇ કરીશ નહીં જે કાંઇ ઘરમાં સુક્કું-ટુક્કું હોય તે મંત્રીને જમવા આપજે રસોઇઆએ રસોઇ બનાવી નહીં. વસ્તુપાળ આવ્યા. જમવા બેઠા રસોઈઆએ તો ખાખરા વગેરે પીરસવા માંડયું. એટલે વસ્તુપાળ ગુસ્સામાં આવી ગયા. રસોઇ-આએ બધી વાત કરી. વસ્તુપાળ એકદમ ચમકયા. તરત જ તે જ ઘડીએ દોડયા ઉપાશ્રય તરફ ગુરૂ મહારાજના પગમાં પડે છે અને કહે છે કે ગુરૂ મહારાજ આપ ક્યારે પધાર્યા. મને ખબર પણ ન પડી. ગુરૂ મહારાજ કહે ભાઇ તું તો હવે મોટો થઇ ગયો, બરાબરને ? હું તારા રસોઇઆને વાસી રસોઈ પીરસ-વાનું કહી ગયો હતો. તેની પાછળ કારણ હતું. સાંભળ, તારે તાજી રસોઈ જમવી છે કે પછી વાસી જ ખાવું છે ? કારણ આ બધું તું ભોગવે છે તે તારા બાપ-દાદાનું પુણ્ય છે. એ પુણ્ય ખૂટી ગયા પછી શું ? હું તને સંદેશો આપવા આવ્યો છું. તેમણે નિયમ કર્યો કે ગુરૂ મહારાજના દર્શન તેમજ વાણી સાંભળ્યા પછી જ રાજસભામાં જવું. વસ્તુપાળે શું નથી જાણ્યું ? છતાં પણ રોજે રોજ ગુરુવાણી શ્રવણ કરે છે. આપણે શું દરરોજ દવા એની એ નથી ખાતા ? જ્યાં સુધી ગુણ ન કરે ત્યાં સુધી ખાઈએ છીએ. તે પ્રમાણે આ ધર્મવાણી પણ જ્યાં સુધી આપણને ધર્મી ન બનાવે ત્યાં સુધી ભલે ને એકની એક જ વાત હોય છતાં હંમેશાં આપણે ગુરૂવાણીનું શ્રવણ કરવું જોઇએ.

## અષાડ વદ ૧૩

જીવાત્માએ વિચાર કરવાનો છે કે આ સંસાર એક મહાન સમુદ્ર છે. આ સમુદ્રમાં અસંખ્ય જીવો ઉત્પન્ન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. અને મરે છે. પાણીના એક બિંદુમાં પણ અસંખ્યાતા જીવો જન્મે છે અને મરે છે દેવોને પણ દુર્લભ એવા આ મનુષ્યજન્મને પામીને આપણે એની દુર્લભતા વિસરી ગયા છીએ આપણે જ્યાં જન્મીએ ત્યાંથી અવશ્ય મરવાનું જ છે. આ ખોળિયું આપણી માલિકીનું નથી ભાડૂતી છે. માલિક જ્યારે એડ઼ર કરે ત્યારે તેને છોડીને ચાલ્યા જવાનું. પછી દિવાળી હોય કે પર્યુષણ હોય, એનો હુકમ થયા પછી એક સેકન્ડ પણ તેમાં રહેવાય નહીં. ખાલી કરે જ છૂટકો. શાસ્ત્રકારોએ ત્રણ ભૂમિકા કહી છે.

૧ શ્રવણ. ૨. મનન ચિંતન, ૩ નિદિધ્યાસન (તન્મયતા). સાંભળ્યા પછી તેનું મનન–ચિંતન કરો અને પછી તેમાં તન્મય બનો. અત્યારે આપણો આખો સમાજ શ્રવણપ્રેમી છે. ચિંતનનું નામ નિશાન પણ નહીં. ગમે તેવી મોંઘામાં મોંઘી સાડી હોય પણ આખરે તે એ ગાભો (ચીંથરું) જ છે ને ! આ બધા દર–દાગીના પૃથ્વીકાયના કલેવરો કે બીજું કાંઇ આપણે જે પદાર્થને વળગી રહ્યા છીએ તે પદાર્થ પરથી જ્યારે આકર્ષણ ઓછું થઇ જશે ત્યારે તેનું મૂલ્ય સાવ ઓછું થઇ જશે. આ આખો સંસાર મૂલ્યહીન પદાર્થોથી ભરેલો છે.

ઇંગ્લેન્ડમાં એક એલિઝાબેથ નામની રાણી થઈ ગઇ. તે કપડાની બહુ શોખીન. બજારમાં નવું કપડું આવ્યું કે તે તેના ઘેર આવ્યા વગર રહે જ નહીં. તેની પાસે લગભગ ત્રણ હજાર ડ્રેસ હતા. છતાં તે અતૃપ્ત રહેતી. વિચાર કરો કે એ સાડી કે ડ્રેસને પહેરવાનો વારો એક પછી એક ક્યારે આવે ? અને જ્યારે આવે ત્યારે તે વસ્તુ કાં તો જીર્ણ બની ગઈ હોય અથવા તો તેની ફેશન નીકળી ગઇ હોય બસ. બધો સંગ્રહ નિરર્થક અહંકારને પોષવા માટે જ. આજે માણસને સાંભળવાનો એટલો બધો શોખ લાગ્યો છે કે કોઈ સારા વક્તા આવ્યા છે તો બે–ત્રણ હજાર માણસો ભેગા થઇ જશે પણ કોઈ એનું ચિંતન નહીં કરે. ચિંતન વિનાનું જ્ઞાન કેવળ પાણી છે, પાણીની શક્તિ ક્યાં સુધી ? પાણી પીએ એટલે થોડીવાર તરસ છીપાય. પાછી તરસ લાગે. તેમ શ્રવણ કરવામાં આવે ત્યાં સુધી જ તે રહે છે. વ્યાખ્યાન હોલની બહાર ગયા કે વ્યાખ્યાનની અસર પૂરી... પરંતુ શ્રવણ પછી મનન જોઇએ મનન અને ચિંતનજ્ઞાન દૂધ જેવું છે દૂધ ઉપર માણસો મહિનાઓના મહિનાઓ વિતાવે છે. માટે આવું દૂધ જેવું જ્ઞાન મેળવતા શીખો. દૂધ જેવું જ્ઞાન મળતાં જીવનમાં તૃપ્તિનો અનુભવ થશે. જે આનંદ પૈસા કમાવામાં આવે છે. તેથી અધિક આનંદ તેનું દાન આપવામાં–ખર્ચવામાં આવવો જોઇએ.

ધર્મ મેળવ્યા પછી તેમાં તન્મય બની જવું ઓતપ્રોત બની જવું. તન્મયતાથી જે જ્ઞાન મળે તે જ્ઞાન અમૃત જેવું અમૃતનો સ્વાદ એક વખત ચાખ્યો હોય તો તે સ્વાદ વર્ષો સુધી યાદ રહે છે. તેમજ તેનાથી બધા વિકારો નષ્ટ થઇ જાય છે અને પરમતૃપ્તિ મળે છે. જો આ ત્રણે ભૂમિકા આપણને મળી જાય તો ખરેખર આ જીવ આ ભયંકર સંસાર સાગરને તરી જાય. માટે પહેલાં પ્રભુવાણીનું શ્રવણ કરો. પછી તેનું ચિંતન કરો. અને તેમાં તન્મય બનો.

'આવી રૂડી ભગતિને પ્રભુ પહેલાં ન જાણી
પેલાં ન જાણી રે મેં તો પહેલાં ન જાણી.'
સંસારની માયામાં મેં તો વલોવ્યું પાણી.

'ભવજલહિમ્મિ અસારે દુલ્લહં માણુસ્સં ભવં' દુનિયાની બે અબજની વસ્તી ગણાય છે. તેમાં આત્મતત્ત્વનો, પરમાત્મતત્ત્વનો વિચાર કરનારા કેટલા માણસો ? આજે આપણે વિચારને જ તાળુ મારી દીધું છે.

એક ગાંડાની હોસ્પિટલ હતી. તેમાં જેનુ મગજ ચસ્કી ગયેલું હોય એવાને દાખલ કરતા. અને અમુક ટાઇમ સુધી તેને તેમાં રાખતા. મુદત પુરી થયા પહેલા કોઇ ગાંડો માણસ ડાહી ડાહી વાતો કરે તો પણ તેને છોડી ન મૂકે એક ગાંડો માણસ એક દિવસ ગાંડપણમાં ફિનાઇલની આખી ડોલ પી ગયો. અને તેનાથી પેટમાં રહેલા ઝેરી જંતુઓ ઝાડા વાટે નીકળી ગયા. અને તે ડાહ્યો થઇ ગયો. ચોકીદારને કહ્યું કે ભાઇ હવે મને રજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપો હું ડાહ્યો થઈ ગયો છું. ચોકીદારે કહ્યું કે એવા તો કંઈક ડાહી–ડાહી વાતો કરે છે. પણ છેવટે ગાંડા જ રહે છે. તારી મુદત પૂરી નહીં થાય ત્યાં સુધી તને છોડી મૂકવામાં નહીં આવે. હવે વિચાર કરો ડહાપણ આવ્યા પછી છ મહિના સુધી આવા ગાંડાઓની વચ્ચે રહેવાય કેવી રીતે ? તેમ જ્યારે માણસને સંસારની અસારતા સમજાય પછી તેને પણ આ ગાંડા માણસોની વચ્ચે રહેવાનું કેવી રીતે ગમે ? ક્યારે પણ વિચાર કર્યો છે કે હું કેટલો નસીબદાર છું ! માણસ જ્યારે જન્મે ત્યારે તેની સાથે કેટલા જતુંઓ રહેલા હોય છે. એ અસંખ્યાતામાં આપણો નંબર લાગ્યો. ઉપરાંત આપણો જન્મ થયો. હેમખેમ માબાપની કૃપાથી મોટા થયા. જૈન શાસન મળ્યું. ઉત્તમ સંસ્કાર મળ્યા. ઉત્તમ કૂળ મળ્યું. અહાહા કેવા નસીબદાર છીએ.

ઉપદેશ સાંભળવાની એક કોડીએ ભેરૂતી નથી. મફત સાંભળવા મળે છે. માટે આજે એની કિંમત ઘટી ગઈ છે. ચોરાના ઓટલા પર વાતોનાં ગપ્પાં મારશે પણ ધર્મ સાંભળવા નહીં. આવે. હમણાં સિનેમા કે કોઇ લેક્ચર હોત તો દોડીને જાત. ત્યાં પૈસા ખર્ચીને પણ તેનો લ્હાવો લે જ્યારે આજે ગુરૂવાણી મફત મળે છે માટે તેની કિંમત કોડીનીયે નથી. તમને સાધુ મફત મળ્યા. સાધ્વી મફત મળ્યા. ઉપાશ્રય મફત મળ્યો. ધર્મ મફત મળ્યો, બધું મફત-મફત માટે કોઈનેય સાંભળવાની ઈચ્છા નથી થતી.

---

(અનુસંધાન પાના નંબર ૩૬ નું ચાલુ)

પ્રમાણે દોરવાઈ જાય છે અને તેનું સત્ય સીમિત બની જાય છે.

આપણે સામા માણસની વાત સાચી છે કે કેમ તે ન સમજી શકીએ પરંતુ આપણી પોતાની વાત સાચી છે કે ખોટી તે જરૂર સમજી શકીએ. આ માટે મન ખુલ્લું હોવું જોઈએ. દરેક અસત્ય વાત સત્યના વાઘા પહેરીને આવતી હોય છે. આ નકાબને જે પર્દાફાશ કરી શકે તે સત્યના દર્શન કરી શકે છે. પરંતુ તે માટે નિર્મળ દૃષ્ટિ નિઃસ્વાર્થ ભાવના અને નિષ્પક્ષતા હોવી જોઇએ.

દરેક માણસ પોતાના અંતરના અવાજ પ્રમાણે ચાલે અને અંતઃકરણ પ્રમાણે વર્તે તો તે અસત્યના માર્ગે ચાલી શકે નહીં. ખોટું કરતી વખતે માણસનું મન ડંખતું હોય છે. બુદ્ધિ અને મન વચ્ચે તુમુલ યુદ્ધ ચાલતું હોય છે. સાચી વસ્તુ સમજવા માટે સહિષ્ણુતા જોઇએ.

આપણે મોટેભાગે અસત્ય સામે જૂઠ સામે નમી જઇએ છીએ. અસત્ય સામે ઝુકવું, જૂઠ સામે નમી પડવું અને ખોટા માણસને વધુ પડતુ મહત્ત્વ આપવું એમાં આપણી સહિષ્ણુતા કે ઔદાર્ય નથી એ તો આપણી નબળાઇ છે, પંગુતા છે.

સામાજિક ક્ષેત્રમાં રહેલો માણસ વધુ સહિષ્ણુ, ઉદારમતવાદી, સરળ અને પારદર્શક બને એ અત્યારના સમયની જરૂરત છે. આવા સાચા પ્રામાણિક માણસો સંસ્થાઓ ચલાવતા હોય છે. બાકીના શોભાના ગાંઠિયા જેવા હોય છે. સંસ્થાઓને શોભાના કાંગરાઓ તો મળી રહે છે પરંતુ તેમને પાયાના પથ્થરોની જરૂર છે.


[ મુંબઇ સમાચાર તા. ૧૩-૪-૯૭ના જિન-દર્શન વિભાગમાંથી સાભાર. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરના માજી પ્રમુખશ્રી હીરાલાલ ભાણુજીભાઈ શાહને હાર્દિક સ્મરણાંજલિ



આપણી સભાના માજી પ્રમુખશ્રી હીરાલાલ ભાણુજીભાઇ શાહના તા. ૧૭-૩-૯૮ના રોજ સ્વર્ગવાસથી આપણી સભા અત્યંત દુ:ખની લાગણી અનુભવે છે. તેઓશ્રી આ સભામાં છેલ્લા ચાલીશ વર્ષથી સક્રિય રસ લેતા હતા. પ્રથમ વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે ત્યારબાદ મંત્રી તરીકે ઉપ-પ્રમુખ તથા છેલ્લા અગિયાર વર્ષ પ્રમુખશ્રી તરીકેની ઉમદા માનદ્સેવા આપેલ છે. સભાના હિસાબો ઉપર દેખરેખ રાખીને વાચનાલય અને લાઇબ્રેરીના કામકાજ ઉપર ધ્યાન રાખીને, પુસ્તકોનું પ્રકાશન યથાશક્તિ કરીને, પુસ્તકોના વેચાણ અને સભા સાથેનો પત્ર વ્યવહાર કરીને, શ્રુતજ્ઞાનના પ્રચાર માટે સ્પર્ધાઓ યોજીને સક્રિય સેવા આપેલ છે.

આ સભાએ તેઓશ્રીની રાહબરી નીચે "શ્રી આત્માનંદ પ્રકાશ" માસીકનું પ્રકાશન તથા વિદ્વાતાપૂર્ણ પુસ્તકોનું પ્રકાશન થયેલું છે, જે ખાસ નોંધપાત્ર છે.

પ્રમુખ તરીકેની નિવૃત્તિ બાદ પણ સભાના કોઇપણ કાર્યમાં પરોક્ષ રીતે પણ આપણી સભાને તેમનો સહયોગ સાપડયો છે. તેઓશ્રીની સેવા અને કાર્યદક્ષતાએ આ સભાને જૈન સમજમાં ઉત્તમ સ્થાન અપાવ્યું છે. તેઓશ્રીનો બહોળો અનુભવ અને અનેરી હૈયા ઉકલત દ્વારા સભાએ ઘણું ઘણું મેળવ્યું છે.

તેઓશ્રીની ધર્મ અને જૈન સમાજની સેવા કરવાની ધગશ પ્રશસંનીય છે. અને ૧૯૫૫થી ૨૦ વર્ષ સુધી ભાવનગરની જૈન શ્વે. મૂ. પૂ. તપાસંઘની વ્યવસ્થાપક કમિટીના સભ્ય તરીકે તેમ જ ત્યારબાદ બે વર્ષ શ્રીસંઘના માનદ્મંત્રી તરીકે સેવા આપેલ છે. શ્રી અમૃતલાલ પરશોત્તમદાસ જૈન ધર્મશાળા–ભાવનગરના ટ્રસ્ટી તરીકે ૩૦ વર્ષ સુધી સક્રિય સેવા આપેલ છે. દાદાસાહેબ જૈન વિદ્યાર્થી ગૃહમાં તથા વારૈયા જૈન ભોજનશાળામાં કમિટિના સભ્ય તરીકે સેવા આપી હતી

તેઓશ્રીના અજબ શાંતિ, સરળતા, ઉદારતા અને દરેકના હૃદયની ચાહના મેળવી સ્વ અને પરનું કલ્યાણ ચાહનારા ઉમદા વ્યક્તિ હતા.

સદ્ગતના આત્માને શાસનદેવ પરમ શાંતિ અર્પે તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

પ્રમુખશ્રી
શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


આજે જ મંગાવો

શ્રી જૈન આત્માનંદ સભા - ભાવનગર દ્વારા પ્રકાશિત

# શ્રી તીર્થંકર ચરિત્ર [સચિત્ર]

: લેખિકા :

ડૉ. પ્રફુલ્લાબેન રસિકલાલ વોરા

એમ.એ. (અંગ્રેજી), એમ.એડ., પી.એચ.ડી. (શિક્ષણ)

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી જૈન આત્માનંદ સભા**

ખોડિયાર હોટલ સામે, ખારગેઇટ, ભાવનગર.

કિંમત રૂા. ૧૫૦-૦૦ (પોસ્ટેજ ખર્ચના રૂા. ૧૫-૦૦ અલગ)


-: આ ગ્રંથની વિશિષ્ટતાઓ :-

* ચોવિસે તીર્થંકર ભગવંતોના પ્રત્યેક ભવો સવિસ્તારપૂર્વક આલેખવામાં આવેલ છે.
* ચોવિસે તીર્થંકર ભગવંતોના નયનરમ્ય રંગીન લેમીનેટેડ ફોટાઓ.
* સિદ્ધચક્ર ભગવંતોનો ફોટો * હ્રીંકાર યંત્ર * નિર્વાણભૂમિ.
* યક્ષ-યક્ષિણીઓના ફોટા તેમજ દરેક ભગવંતોની સ્તુતિ.
* ઉપરાંત અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી, ન્યાયાંભોનિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ.સા., શાસનસમ્રાટ આચાર્યદેવશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. સા., શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજયમોતીપ્રભસૂરીશ્વરજી મ. સા. તથા શાસનદીપક પૂ. આ. દેવશ્રી વિજયનયપ્રભસૂરીશ્વરજી મ. સા.ના રંગીન ફોટાઓ
* દરેક ફોટાઓ પાછળ ફોટા સૌજન્ય દાતાઓના શુભ નામ, દરેક તીર્થંકર ભગવંતોની સ્તુતિ, ચૈત્યવંદન, સ્તવન અને થોય પ્રકાશિત કરવામાં આવ્યા છે.
* પાછળના પેઇજોમાં દરેક ભગવાનનો પરિવાર તથા ચોવિસે તીર્થંકર ભગવાનની સંપૂર્ણ વિગત દર્શાવતો કોઠો પ્રગટ કરવામાં આવેલ છે.
* સભાના પેટ્રનશ્રીઓ તથા આજીવન સભ્યશ્રીઓએ રૂા. ૧૫-૦૦ M.O. થી મોકલ્યે આ પુસ્તક ભેટ રૂપે મોકલવામાં આવશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# 'અહિંસા ઇન્ટરનેશનલ' નો સાહિત્યિક-એવોર્ડ મેળવતા ડૉ. કુમારપાળ દેસાઈ

છેલ્લાં પચીસ વર્ષથી દેશ અને વિદેશમાં કામ કરતી અહિંસા ઇન્ટરનેશનલ' સંસ્થાએ નવી દિલ્હીમાં એના રજતજયંતિ પ્રસંગે જાણીતા સાહિત્યકાર અને જૈનદર્શનના ચિંતક ડૉ કુમારપાળ દેસાઇને "અહિંસા ઇન્ટરનેશનલ ડિપ્ટીમલ આદીશ્વર લાલ જૈન સાહિત્ય એવોર્ડ" એનાયત કર્યો. આ એવોર્ડ આ સંસ્થાના સ્થાપક, સ્વાતંત્ર્ય સેનાની અને માનવતાવાદી કાર્યો કરનાર ડિપ્ટીમલ આદીશ્વર લાલજીના સ્મણાર્થે આપવામાં આવે છે. આ પ્રસંગે વિખ્યાત સાહિત્યકાર અને ગાંધીવાદી વિચારક પદ્મશ્રી યશપાલ જૈને ડૉ. કુમારપાળ દેસાઇની સાહિત્યિક સેવાઓ બિરદાવી હતી. દિલ્હી રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ શ્રી ચરતીલાલ ગોયલની અધ્યતામા યોજાયેલા. આ સમારંભમાં ડૉ. કુમારપાળ દેસાઈને એકવીસ હજારનો એવોર્ડ, સ્મૃતિ ચિન્હ, રૌપ્યચંદ્રક અને શાલ અર્પણ કરવામાં આવ્યા હતા. આ આંતરરાષ્ટ્રીય સંસ્થાનો સૌથી ગૌરવપૂર્ણ મનાતો એવોર્ડ મેળવનાર ડૉ. કુમારપાળ દેસાઇ ગુજરાતના સૌ પ્રથમ સાહિત્યકાર છે.

# ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજીની જૈન સ્કોલર યોજના

ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી એ જૈન ધર્મ અને દર્શનનો પ્રસાર કરતી તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જૈન ધર્મ અંગે અનેકવિધ પ્રવૃત્તિઓ કરતી અગ્રણી સંસ્થા છે. આ સંસ્થા દ્વારા આજના સમયની જરૂરિયાત અને આવતી પેઢીની આવશ્યકતાને લક્ષમાં રાખીને જૈન સ્કોલર તૈયાર કરવાની વિશિષ્ટ યોજના ઘડવામાં આવી છે. અત્યારે બે વ્યક્તિ જૈન સ્કોલર તરીકે અભ્યાસ કરી રહ્યા છે. વિશેષ બે સ્કોલરની પસંદગી કરવાની હોવાથી જૈન ધર્મ, સાહિત્ય કે તત્ત્વજ્ઞાન સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ પદવી કે પી.એચ.ડી. ની પદવી મેળવનાર અને અંગ્રેજી ભાષાનું સારું એવું જ્ઞાન ધરાવનાર વ્યક્તિએ આ માટે અરજી કરવી. આને માટેના યોગ્ય ઉમેદવારને આ સંસ્થા જરૂર પડે તો અંગ્રેજી ભાષાના વિશેષ અભ્યાસની ભારત તેમજ વિદેશમાં વ્યવસ્થા કરી આપશે. અને આવી વ્યક્તિના ત્રણ વર્ષના જીવનનિર્વાહની તમામ જવાબદારી આ સંસ્થા સંભાળશે. આ વર્ષો દરમિયાન એ વ્યકિતને દેશવિદેશમાં સંસ્થા વતી જૈન ધર્મના પ્રસારનું કાર્ય કરવાનુ રહેશે. આ અંગે અરજી કરવા ઇચ્છતી વ્યક્તિએ પુરૂં નામ, સરનામું, અભ્યાસ, સંશોધન વગેરે વિગતો સાથે ઇન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી (કો-ઓર્ડિનેટર : ડૉ. કુમારપાળ દેસાઈ) ૫૦૧, મહાકાન્ત બિલ્ડિંગ, વી. એસ. હોસ્પિટલ સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬ ને અરજી કરવી.

For Private And Personal Use Only

# નવકાર મહામંત્રનો પ્રભાવ

સાધ્વીમુખ્ય પૂ.સા. શ્રી હરખશ્રીજી મહારાજ સાહેબ

(૧)

આ કોમ્પ્યુટર યુગની અંદર પણ નવકાર મહામંત્રના ચમત્કારો બને છે. અને એ મહામંત્રની ભાવથી જે આરાધના કરે છે. એ મંત્રને જે સમર્પિત થઇ જાય છે, તે આજે પણ ફળીભૂત બને છે

જ્યારે આપણો ભારત દેશ આઝાદ થયો ત્યારની આ વાત છે. સં. ૨૦૦૪ અને ઇ.સ. ૧૯૪૭ની સાલ હતી. ત્યારે અમે બે ઠાણા હું તથા મારા શિષ્ય સા. શ્રી રતનશ્રીજી ભચાઉથી ગામ પડાણા (વાગડ) તરફ જઇ રહ્યા હતા. ત્યારે ઘણા ગામવાસીઓએ ના પણ પાડી કે આજે વિહાર કરવામાં જોખમ છે છતાં અમે વિહાર કરી લગભગ ૧ કિ.મી. ચાલ્યા હોઇશું ત્યાં સામેથી બ્રિટીશ સરકારની મિલટરી ગાડીઓ લાઇનબંધ આવતી જણાઇ કારણ કે બ્રિટિશ સરકારને ભારત છોડોનો આદેશ મળી ગયો હતો. અમે ખૂબ ભયભીત બન્યા. કારણ કે તેઓ મનફાવે તેમ બોલતા હતા. અને ભારત દેશ છોડતાં છોડતાં પણ હજી લોકોને ત્રાસ આપવાની વૃત્તિ ગઈ નહોતી અમને એમ સાંભળવા મળ્યું કે બે ત્રણ સ્ત્રીઓને પણ તેઓ ઉપાડી ગયા. ત્યાર બાદ અમે નવકારમંત્રના રટણ અને સ્મરણમાં પરોવાઇ ગયા. સંપૂર્ણપણે નવકારને સમર્પિત બની ગયા. તેટલામાં સામેથી કોઇક અજાણી વ્યક્તિ દૂધની કાવડ લઇને આવતી જણાઇ એ વ્યક્તિએ અમને સામે આવીને કહ્યું કે "તમે ગભરાશો નહિ. મારી સાથે ચાલો, હું તમને તદ્દન ટૂંકા રસ્તેથી ગામ તરફ પહોંચાડી દઇશ."

અમે એ વ્યક્તિ સાથે ચાલવા લાગ્યા, બહુ ઓછા સમયમાં કોઇક અજાણ્યા રસ્તેથી અમને એ ગામ તરફ લઇ ગયા જ્યારે અમે ગામ નજીક પહોંચ્યા ત્યારે અમે ભયથી મુક્ત બન્યાનો ઊંડો શ્વાસ લીધો પછી એ દૂધની કાવડવાળી વ્યકિતનો આભાર વ્યકત કરવા પાછળ જોયું તો પાછળ ન દૂધની કાવડ જણાય કે ન પેલી વ્યકિત જણાઇ, અમને આશ્ચર્ય થયું કે પેલી વ્યકિત અદૃશ્ય કેમ બની ગઈ? અમને લાગ્યુ કે આ જો પ્રભાવ હોય તો તે નવકારમંત્રનો જ પ્રભાવ છે કોઇ દેવતત્ત્વ આવીને અમારી રક્ષા કરી ગયું. આ પ્રસંગ અમારા જીવનમાં પ્રથમવાર જ બન્યો ત્યારથી અમને નવકાર મહામંત્ર ઉપરના શ્રદ્ધામાં વધારે ને વધારે અભિવૃદ્ધિ થઇ.

(૨)

અમો પ્રથમવાર "લીલગગન" ઉપાશ્રયે (પાલિતાણા) ચાતુર્માસે પધાર્યા. સં. ૨૦૩૮માં આસો વદ ૮ ને દિવસે વાવાઝોડાની આગાહી તો હતી જ. તે દિવસે ધોધમાર વરસાદ આખો દિવસ ચાલુ રહ્યો. ગામના સર્વ કામકાજ પણ બંધ હતા ઇલેક્ટ્રિક વ્યવહાર પણ ખોરવાઇ ગયેલો, ચાતુર્માસાર્થે અમે ત્રણ ઠાણા સા. શ્રી હરખશ્રીજી મા., શ્રી રતનશ્રીજી મા., શ્રી ચંદ્રોદયશ્રીજી બિરાજમાન હતા.

સાંજે પ્રતિક્રમણ કર્યા બાદ લગભગ ૭ વાગ્યાનો સમય હતો, તેવામાં જોર જોરથી પવન ફુંકાવા લાગ્યો એક બાજુ વરસાદ બીજી બાજુ વાવાઝોડા સાથે વંટોળીયો, આખા ગામને તારાજ કરી દે તેવો લાગતો હતો. તે વાવાઝોડાને લીધે કેટલાય જૂના મકાનો જમીનદોસ્ત થઈ ગયાં. ભેંસોના તબેલાના છાપરાં ઊડી ગયાં, કેટલાંય તોતીંગ વૃક્ષો ધરાશાયી થઇ ગયાં. વરસાદનું પાણી જમા થઇને જેમ નદીમાં પૂર આવે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ વહી રહ્યું હતુ તેમાં કેટકેટલાય ઝુંપડાઓ તારાજ થઇ ગયા હતાં. માલસામાન તથા કંઇક નાના પશુ પક્ષીઓ પાણીમાં તણાઇને જઈ રહ્યાં હતાં.

બધી બારીઓ બંધ હોવા છતાં પાણી ક્યાંક ને ક્યાંકથી ઉપાશ્રયની અંદર ધસી આવ્યુ, ઉપાશ્રયની જમીન સંપૂર્ણ પાણીથી ઢંકાઇ ગયેલી અમને લાગ્યું કે ક્યાંક અમારા ઉપાશ્રયનું મકાન પણ જમીનદોસ્ત થઈ જશે તો અમને કોણ બચાવશે?

ભયમાં પણ ભય ઉપજાવે તેમ ઉપાશ્રયની એક બારી બંધ હોવા છતાં એવી પદ્ધતિસર ઘંટનાદની જેમ વાગી રહી હતી, ઘનઘોર જંગલમાં જેમ વૃક્ષના પાંદડાઓનો સુસવાટ પણ બધારે ભય પમાડે છે. તેમ અંધકારમય રાત્રિ અને તેમાં એક જ બારીનો આવતો સતત અવાજ, ભયથી ત્રાસેલાને એવી તો બીક લાગતી કે શરીરનાં રૂવાડાં ઊભાં થઇ જાય. તે દિવસે વળી ઉપાશ્રયનો ચોકીદાર પણ ગેરહાજર હતો...!

તે બારીનો અવાજ વધતો જ જતો હતો. નવાઈની વાત તો એ હતી કે બીજી આટલી બારીઓ હોવા છતાં એ બારી પાસે જ જાણે કે બહારથી કોઇ અપરિચિત વ્યક્તિ જાણી જોઇને અમને ગભરાવતી ન હોય એવો અવાજ આવતો હતો. ત્યારે અમે સૌ ખૂબ ગભરાયા, અને થયું કે-'કોણ હસે? એનો શું ઇરાદો હશે? હવે શું થશે? કોણ અમને બચાવશે તેવામાં મેં જોરથી બૂમ પાડી કહ્યુ કે કોણ છો તમે? શુ જોઇએ છે તમને? ત્યારે સામેથી વળતો કંઈક અવાજ પણ આવ્યો પરંતુ ધૂંધવાતા વંટોળીયાને લીધે અમે એ અવાજને પારખી શક્યા નહિ.

તે પહેલા અમે ભક્તામર-ૐ નમો દેવદેવાય તથા માંગલિકની ધૂન કરી રહ્યા હતા. ત્યાર બાદ અમને લાગ્યું કે હવે આ ભયથી મુક્ત કરાવનાર જો કોઇ તરણ-તારણ જહાજ હોય તો તે મંત્રાધિરાજ મહામંત્ર નવકાર જ છે. તેથી એકરૂમની અંદર એક જ પાટ ઉપર અમે ત્રણ સાધ્વીજીઓ બેસી ગયા. અને નવકારમંત્રની ધૂનમાં મન-વચન કાયાના ત્રિકરણ યોગથી એવા તો લયલીન બની ગયા કે બહારના વાતાવરણ ભય કે અવાજની અમને જરાયે ખબર પડી નહિ તેમ જ બારીનો અવાજ ઓછો થઇ ગયો ને વાતાવરણ શાંત થતું ગયું. જોત જોતામાં રાત વીતી ઘડિયારમા ચાર ટકોરા પડ્યા અમને પ્રતિક્રમણ કરવાની સ્ફૂર્તિ આવી, પછી તો એવી શાંતિ પ્રવર્તી કે જો ટાંચણી જમીન પર પડે તો યે અવાજ સંભળાય. સંવત ૨૦૪૮ની એ રાત્રિનું વાવા ઝોડું હજુય અમારા કાનમાં રણકી રહ્યું છે. આમ અમને ભયમુક્ત કરનાર સમતા આપનાર જો કોય તત્ત્વ હોય તો તે મંત્રાધિરાજ મહામંત્ર નવકાર જ છે. કોઇકે સાચું જ કહ્યું છે કે:

"શ્રદ્ધા મેં અગર જાન હૈ તો ચમત્કાર તુમસે દૂર નહિ"

બહુ આત્માઓ મહામંત્રના રટણથી સદાને માટે દુઃખમુક્ત, રોગમુક્ત, ભયમુક્ત, પાપમુક્ત બનો એ જ મંગલ ભાવના...

# શોકાંજલિ

**શ્રી મનસુખલાલ ગુલાબચંદ શાહ (ઉ. વ. ૮૫) ભાવનગર મુકામે તા. ૨૫-૩-૯૮ના રોજ અરિહંતશરણ થયા છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા.**

**તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબીજનો પર આવી પડેલ આ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે. તેમ જ પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિર શાંતિ અર્પે તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીએ છીએ.**

**લી.**
**શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઈટ, ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માનવજીવનની આધારશિલા કર્મ

**શ્રી કાન્તિલાલ કાલાણી**

મનુષ્યો વાવે તેવું લણે અને કરે તેવું પામે એવાં વાકયો ઉચ્ચારે ખરા પણ સ્વલક્ષી દૃષ્ટિથી એનો વિચાર ન કરે. કર્મ કરતી વખતે માણસો એટલા વેગમાં આવી જાય છે કે પોતે જે કર્મો કરે છે તેનાં પરિણામો કેવાં આવી શકે છે એ અંગે વિચાર કરતા નથી.

મનુષ્ય શરીર ગ્રહણ કરનાર જીવ પ્રારબ્ધ કર્મોના ભોગવટાની બાબતમાં પરતંત્ર છે. ગમે તેટલા ઊર્ધ્વ કક્ષાનો જીવ હોય, પણ પ્રારબ્ધ કર્મોના ભોગવટાને તે ટાળી શકે નહિ. તેમ છતાં સામાન્ય મનુષ્યો પ્રતિકૂળ કર્મોનો સ્તર ભોગવટામાં આવે અને જે રીતે વિહ્વળ થઇ જાય અથવા અનુકૂળતાઓમાં જે રીતે ઉલ્લાસ કરે તે પ્રમાણે ઊર્ધ્વ કક્ષાના મનુષ્યોનું વર્તન ન હોય, તેઓ સામાન્ય મનુષ્યોની જેમ આઘાત-પ્રત્યાઘાતના આંચકા નહિ અનુભવે.

મનુષ્યો 'વાવે તેવું લણે' અને 'કરે તેવું પામે' જેવાં વાકયો ઉચ્ચારે ખરા, પણ સ્વલક્ષી દૃષ્ટિથી તેનો વિચાર ન કરે. કર્મ કરતી વખતે માણસો એટલા વેગમાં આવી જાય છે કે પોતે જે કર્મો કરે છે તેના શું પરિણામો આવી શકે તે અંગે વિચાર કરતા નથી. પ્રારબ્ધ કર્મોનો ધક્કો વાગે ત્યારે મનુષ્ય જો સભાન હોય તો આ કર્મોનો ભોગવટો કરતી વખતે તે નવાં કર્મો નહિ બાંધે, પણ કર્મ અને લેણદેણથી બંધાયેલો મનુષ્ય ભૂતકાળ અને ભવિષ્યકાળમાં એટલો પકડાયેલો રહે છે કે વર્તમાનકાળ પર તે સંપૂર્ણપણે એકાગ્ર થઇ શકતો નથી.

જીવ પ્રવૃત્તિ કરે છે ત્યારે પ્રવૃત્તિનો બોજો લાગે છે અને નિવૃત્તિ તેને આકરી લાગે છે અથવા સદતી નથી. તેને શારીરિક નિવૃત્તિ અઠ્ઠાવન કે સાઠ વર્ષે મળે. પણ તે આયુષ્યના અંત સુધી માનસિક રીતે નિવૃત્ત થઇ શકતો નથી. જે મનુષ્યો નોકરીને બદલે ધંધો કરે છે તેઓ શરીર ચાલતું હોય ત્યાં સુધી તેમાંથી નિવૃત્ત થવા ઇચ્છતા નથી.

મનુષ્યનું સ્થૂળ શરીર પંચભૂતનું બનેલું છે. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ અનાદિ તત્ત્વો છે. મનુષ્યોને જેવા કર્મો કર્યા હોય તે પ્રમાણે સ્થૂલ શરીર પ્રાપ્ત થાય છે અને કર્મના સ્તર પ્રમાણે તે કામ આપે છે. મનુષ્યની તન્દુરસ્તી અથવા માંદગી તેનાં કર્મો પર અવલંબે છે. જીવને હરવા ફરવા કે કામ કરવા માટે સ્થૂળ શરીર પણ મળેલું છે. મનુષ્યમાત્રમાં પાંચ તન્માત્રાઓ, દશ ઇન્દ્રિયો અને અન્તઃકરણના ચાર વિભાગ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંમની હાજરી હોય છે. મનુષ્યે જેવા કર્મો કર્યા હોય તે પ્રમાણે સૂક્ષ્મ શરીર દ્વારા તેને ઊર્જા મળતી રહે છે.

આયુષ્યનો અંત આવે ત્યારે શરીર ગ્રહણ કરનાર જીવને પંચભૂતનું શરીર છોડવું પડે છે. શરીર ગ્રહણ કરે ત્યારે સૂક્ષ્મ શરીરનાં ઓગણીસ તત્ત્વો જીવની સાથે જોડાઇ જાય છે અને સૂક્ષ્મ શરીરમાં સંગ્રહિત થયેલા સંસ્કારો સમયાંતરે પ્રગટ થતાં રહે છે,

જીવ દેહ ધારણ કરે ત્યારે તે શરીર વિશે સભાન હોતો નથી, પણ ધીમે ધીમે તેનું દેહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને નામ સાથે તાદાત્મ્ય વધતું જાય છે અને એક દિવસ એવો આવે છે કે તે પોતે જીવ છે તેની તેને વિસ્મૃતિ થઈ જાય છે અને તે પોતાને નામ-રૂપ માનવા માંડે છે. તેના શરીરને જે નામ આપવામાં આવ્યું છે તે તો વ્યવહારમાં તેની ઉપયોગિતા થાય એટલા માટે. પણ તે પોતાના નામમાં જ પકડાઈ જાય છે અને નામની પ્રતિષ્ઠા વધે તે અજર-અમર બને તે માટે બધું જ કરી છૂટે છે. ઉંમર વધે તેમ તેને શરીરની સુખ-સગવડો વધારવામાં અને ઈન્દ્રિયો દ્રશ્ય દ્વારા વિભાગનો ભોગવટો કરવામાં રસ પડે છે. તે શરીરના જન્મને પોતાનો જન્મ અને શરીરના મૃત્યુને પોતાનું મૃત્યુ સમજે છે, તે શરીરના સંબંધીઓ અને શરીર સાથે સંકળાયેલ વ્યક્તિ, વસ્તુ અને પદાર્થમાં પોતાપણાનો અને માલિકીપણાનો ભાવ સ્થાપે છે અને મોટા ભાગની ક્રિયાઓ હુંપણાના અને મારાપણાના ભાવથી કરે છે.

જે મનુષ્યને પોતે ખરેખર કોણ છે એ નિશ્ચય નથી થયો તે અનેક પ્રકારના દ્વન્દ્વોમાંથીય નિવૃત્ત થઈ શકતો નથી. તેને અનુકૂળતામાં રસ પડે છે અને પ્રતિકૂળતાને તે ટાળવા પ્રયત્ન કરે છે, પણ પ્રારબ્ધ કર્મોનો જે પ્રકારનો ભોગવટો હોય તે પ્રમાણે સુખ-દુઃખ આવ્યા કરે છે. મનુષ્ય સુખ આવે ત્યારે સુખમાં અને દુઃખ આવે ત્યારે દુઃખમાં ફસાઇ જાય છે. તેને વિચાર આવતો નથી. વળી આ જગતમાં લાંબા સમય માટે કયારેક નર્યું સુખ કે નર્યું દુઃખ શકય નથી. સુખની ઓથે દુઃખ રહેલું છે અને દુઃખના પેટાળમાં સુખ છૂપાઇને પડયું હોય છે.

વાસનાથી બંધાયેલો દેહધારી મનુષ્ય રોજ-બરોજની જ પ્રવૃત્તિઓ હોય અથવા ધંધો, નોકરી કે સામાજિક સેવાઓમાંથી નિવૃત્ત થઈ શકે. પણ તેમ છતાં તે કાંઈકને કાંઈક કર્યા વિના ન રહી શકે. તે તેની વૃત્તિઓને બહિર્મુખ થતી ન રોકી શકે. ખરી નિવૃત્તિ તો વૃત્તિઓને બહિર્મુખ ન થવા દેવી તે છે.

આત્મા જ અંતર્મુખ રહી તેના ગુણધર્મ નિર્મલતા અને વ્યાપકતામાં સ્થિર થઇ શકે. જેનામાં નિર્મલતા અને વ્યાપકતા પૂર્ણપણે ખીલી ઊઠે તેનો કર્તાભાવ ન રહે તેની તમામ ક્રિયાઓ પરમ સત્તાને કેન્દ્રમાં રાખીને પરમાત્મા માટે જ થતી હોય અને આત્મા માત્ર નિમિત્તરૂપ જ બનતો હોય.

નિમિત્તરૂપ બનનારને કોઇ અપેક્ષા હોતી નથી. છતાં શરીર ધારણ કર્યું છે એટલે તેની આવશ્યકતાઓ પૂરી કરવા જે કાંઈ કરવું પડે તે દેહધારી આત્મા નિષ્ઠાપૂર્વક કરે, તે જે કાંઇ કરવાનું હોય તે ખપ પૂરતું કરે અને કાર્યના ફળ વિશે ન ચિંતિત રહે, ન ચિંતા કરે. પ્રત્યેક ક્રિયામાં હુંપણું અને મારાપણું ભળેલું હોય અને સકામ કર્મ સુખ-દુઃખના ભાવ ઊભા કરે. નિષ્કામ કર્મ પરમાત્માને કેન્દ્રમાં રાખીને થતું હોય છે. અપેક્ષારહિત ક્રિયા કરવી, નિસ્વાર્થ ભાવ કે ફળની અપેક્ષા વિના ક્રિયા કરવી તેને નિષ્કામ કર્મ કહેવાય.

જ્યાં સુધી વ્યક્તિભાવ છે ત્યાં સુધી નિષ્કામ કર્મ અથવા સાચા અર્થમાં નિવૃત્તિ શકય નથી. એટલે જેમણે સાચી નિવૃત્તિ જોઈતી હોય તેમણે વ્યક્તિભાવમાંથી નિવૃત્ત થવાની જરૂર છે. વ્યક્તિભાવમાંથી નિવૃત્ત થવું હોય તો કર્મ કરતી વખતે ભગવાનને મોખરે રાખવા અથવા કર્મ સાથે ભગવાનને જોડી દેવા અને કર્મના ફળ વિશે અનાસકત રહેવું. સૂરદાસે એક પદમાં કર્મફળ વિશે રસિક વિનોદ કર્યો છે. લાલાને દૂધ પીવું નથી અને યશોદામૈયા બાલ કૃષ્ણને દૂધ પીવાનો આગ્રહ કરી રહી છે. એટલે લાલાએ માતાને પૂછયું. માતા, દૂધ પીવાથી શું થાય ? માતાએ કર્મફળની લાલચ બતાવી-દૂધ પીશ તો તારી ચોટલી વધશે. વાળનો મોહ કોને ન હોય ?

દૂધ પીવડાવવા માટેની આ યુક્તિ છે. એમ માણસને કર્મ કરવાનું મન થાય અથવા તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મ કરવા પ્રોત્સાહિત થાય એટલે તેને કર્મફળની વાત કરવી પડે. સ્વામી વિવેકાનંદ કિશોર નરેન્દ્ર હતા. ત્યારે તેમની માતાએ તેમને કર્મફળની લાલચ આપેલી એવો પ્રસંગ વાચ્યાનું સ્મરણ છે. તેમના ઘરમાં શિવજીની મૂર્તિ હતી, પણ એ મૂર્તિને દાઢી-મૂછો હતી. શિવજીની દાઢી-મૂછો જોઈને નરેન્દ્રને થયું કે તેને પણ દાઢી-મૂછો હોવી જોઈએ. તેમણે દાઢી-મૂછ ઊગાડવા શું કરવું જોઈએ, એવું માતાને, પૂછ્યું, ત્યારે માતાએ કહ્યું, શિવજી તો મહાન તપસ્વી હતા. તું પણ શિવજીની જેમ તપ કરે તો તને પણ દાઢી-મૂછ ઊગે. કિશોર નરેન્દ્ર એકાંતમાં તપ કરવા બેસી ગયેલા અને થોડી-થોડી વારે મુખ પર હાથ ફેરવે, પણ એમ કાંઈ દાઢી-મૂછ ઊગી જાય ? ફળની લાલચ એવી છે કે મનુષ્ય કર્મ કરવા પ્રેરાય. [જૈન જગતમાંથી સાભાર]

## ભાવનગરના એક પરિવારના પાંચ સભ્યોએ દેહદાન કર્યા

જીવતા રકતદાન અને મૃત્યુ બાદ ચક્ષુદાન અને દેહદાનની પ્રવૃત્તિએ ભાવનગરમાં જન આંદોલનનુ સ્વરૂપ ધારણ કર્યાનાં દાખલાઓ આ નગરના ખૂણે ખંચરેથી મળે છે.

જીવન અને મૃત્યુની આ પ્રવૃત્તિ પૈકી દેહદાનની પ્રવૃત્તિમાં નગરનાં ઋજુ હૃદયી માનવીઓ, એક પ્રચલિત ગુજરાતી કહેવત 'હાથી જીવે તો લાખનો' અને મેરે તો સવા લાખનો સાચી કહેવત છે.

કાળક્રમે મૃત્યુને વરેલા અહીંના એક મોદી કુટુંબના ચાર સભ્યોએ સમયાંતરે તેમના ખોળીયાની (નિષ્પ્રાણ શરીર) ના તબીબી અભ્યાસ માટે દાન કર્યા છે.

આ માહિતી આપતા ભાવનગર મેડીકલ કોલેજના ડીન શ્રી સેતલવડે જણાવ્યું હતું કે ભાવનગરમાં કદાચ એક પરિવારમાંથી પાંચ વ્યકિતના સમયાંતરે દેહદાનનો ગુજરાતમાં કદાચ પ્રથમ કિસ્સો છે.

સ્વર્ગસ્થ વસંતબેન હિંમતલાલ મોદીના પરિવારમાંથી સસરા સદ્ગત જયંતિલાલ નરશીદાસ મોદીએ આ ઉમદા પ્રવૃત્તિની શરૂઆત કરી. ચેરીટી બીગીન્સ સેટ હોમ'ની ઉકતને અનુસરી તે માર્ગે પોતાના ૧૯૮૧માં મૃત્યુ બાદ દેહદાન જામનગરની મેડીકલ કોલેજમાં આપ્યું. તેમના બહોળા પરિવારમાંથી અન્ય ચાર સભ્યોના સમયાંતરે અવસાન થતા દેહના દાન કર્યા છે. ગત તા. ૩/૧/નાં રોજ વસંતબેન હિંમતલાલ મોદીનાં દેહનું દાન ભાવનગર મેડીકલ કોલેજને કરવામ આવ્યું હતું. તબીબી વિજ્ઞાનનાં શિક્ષણ માટે મહામૂલી એનેટોમી વિભાગનાં પ્રત્યક્ષ જ્ઞાન માટે મૃતદેહ અત્યંત જરૂરી છે. આ મૃતદેહ ઉપલબ્ધ કરાવવા માટે કોલેજનાં ડીન શ્રી સેવલવાડે મોદી પરિવારનો અને આ પ્રવૃત્તિનાં પ્રણેતા શિશુવિહારનાં શ્રી માનભાઈ ભટ્ટ અને ડો. કમલેશ બાવીસીનો આભાર વ્યકત કર્યો છે.

મોદી પરિવારમાંથી દેહદાન કરનારાઓ જુન-૮૪ માં સ્વ. હિરાબેન જયંતિલાલ મોદી અને જાન્યુઆરી-૯૪ માં સ્વ. બાબુલાલ નરસીદાસ મોદીનાં દેહને જામનગર તથા સપ્ટેમ્બર-૯૦ માં સ્વ. ચંદ્રકાંત જયંતિલાલ મોદીના દેહ કરમસદની મેડીકલ કોલેજને દાનમાં આપવામાં આવ્યો છે. આમ આ પરિવારનાં પાંચ સભ્યોએ દેહદાન કર્યાનો એક વિરલ કિસ્સો આ નગરમાં નોંધાયો છે. (જયહિન્દ ૧૧-૧-૯૮)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ☼ યાત્રા પ્રવાસ ☼

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર તરફથી સં. ૨૦૫૪ના ફાગણ વદ ૯ રવિવાર તારીખ ૨૨-૩-૯૮ના રોજ ઘોઘા શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાન, તળાજા – તાલધ્વજ ગિરિરાજ, શત્રુંજય ડેમ, હસ્તગિરિ, પાલીતાણા-તલાટી તથા કીર્તિધામ-પીપરલાનો યાત્રા-પ્રવાસ યોજવામાં આવ્યો હતો.

આ યાત્રા પ્રવાસ કારતક માસનો ડેમનો, માગસર માસનો ઘોઘાનો તથા મહા માસનો પાલીતાણાનો સંયુક્ત રાખવામાં આવ્યો હતો. જેમાં નીચે મુજબના દાતાશ્રીઓની વ્યાજની રકમમાંથી ગુરુભક્તિ તથા સ્વામીભક્તિ કરવામાં આવી હતી.

સભાના સભ્યશ્રી ભાઇ-બહેનો તથા મહેમાનો સારી એવી સંખ્યામાં હાજર રહ્યા હતા. યાત્રા પ્રવાસ ખૂબ જ આનંદ, ઉત્સાહ અને ધાર્મિક ભાવનાઓ સહ પરિપૂર્ણ થયો હતો.

## દાતાશ્રીઓની શુભ નામાવલી

૧. શેઠશ્રી પ્રેમચંદ માધવજીભાઈ દોશી ડેમ યાત્રાના દાતાશ્રીઓ
૨ શેઠશ્રી અમૃતલાલ રતિલાલ સલોત "
૩. શેઠશ્રી નાનાલાલ કુંવરજીભાઇ શાહ "
૪. શેઠશ્રી ખાંતિલાલ રતિલાલ શાહ (ભદ્રાવળવાળા) "
૫. શેઠશ્રી મણિલાલ ફુલચંદભાઇ શાહ "
૬. શેઠશ્રી કાંતિલાલ લવજીભાઈ શાહ (ટોપીવાળા) ઘોઘા યાત્રાના દાતાશ્રીઓ
૭. શેઠશ્રી ખીમચંદ પરશોતમદાસ શાહ (બારદાનવાળા) "
૮. શેઠશ્રી રસીકલાલ છોટાલાલ સંઘવી "
૯. શેઠશ્રી રમણીકલાલ માણેકચંદ શાહ (ન.ણાવટી) "
૧૦. શેઠશ્રી રતિલાલ ગોવિંદભાઇ (સોપારીવાળા) પાલીતાણા યાત્રાના દાતાશ્રીઓ

---


# સાભાર–સ્વીકાર

* કમલ પ્રકાશન ટ્રસ્ટ-અમદાવાદ તરફથી (૧) "ધાર્મિક વહિવટ વિચાર" (હિન્દી) લેખક : પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા, (૨) "ચાલો ચાલો સિદ્ધગિરિ જઈએ રે..." લેખક : મુનિશ્રી મેઘદર્શનવિજયજી મ. સા.
* દિવ્યદર્શન ટ્રસ્ટ–ધોળકા તરફથી "સંવેદનની સુવાસ" લે. મુનિશ્રી યશોવિજયજી મ. સા,
* પૂ. મુનિશ્રી નરેન્દ્રવિજયજી મ. સા. ચેન્નાઈ તરફથી "નરેન્દ્ર જ્યોતિષ સંહિતા."
* શાહ પુખરાજ રાયચંદ પરિવાર–અમદાવાદ તરફથી "આચારોપદેશ" સંપાદક : આ.શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજી મ. સા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash Regd No. GBV. 31



## સદ્વર્તન

पाथेयं खलु सद्वृत्तं परलोकहितावहम् ।
इहलोकसुखायापि परमावश्यकं च तत् ॥

卐

* પરલોક માટેનું ભાતું ખરેખર સદ્વર્તન છે, જે અહીંના સુખ માટે પણ અત્યંત જરૂરી છે.

卐

* The vaiticum beneficial to the next world, is good conduct which is, indeed, highly, necessary to be happy even in this life.

BOOK-POST

પ્રતિ

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only